વિભાગ હસ્તકના નિગમો દ્વારા
RTGS/NEFT થી ચુકવણી કરવા બાબત

ગુજરાત સરકાર,
સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦/૨૦૨૧/૧૭૦૭૪૪/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૪/૨૦૨૧

**પરિપત્ર :-**

આ વિભાગ હસ્તકના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અંતર્ગત ત્રણ નિગમો, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અંતર્ગત છ નિગમો તથા નિયામકશ્રી, સમાજ સુરક્ષા અંતર્ગત એક નિગમ કાર્યરત છે. આ નિગમો દ્વારા તેમની કચેરીના ખર્ચાઓ, ખરીદીઓ અને સેવાઓ પેટેની દુકાનદારો, વેંડર્સ, એજેંસીઓ, વ્યાપારિક સંસ્થાઓ કે અન્ય સંસ્થાઓને કરવાની થતી ચુકવણી ચેક દ્વારા કરતા હોવાનું ધ્યાન પર આવેલ છે, પરંતુ હવે RTGS/NEFT વડે જ આવી ચુકવણીઓ કરવાની રહેતી હોઇ સર્વે નિગમોએ તા.૦૧/૦૪/૨૦૨૧થી અમલમાં આવે તે રીતે નાણા વિભાગની વખતો વખતની સુચનાઓ અને પદ્ધતિને અનુસરીને શક્ય હોત ત્યાં સુધી રૂ.3000 થી ઉપરની રકમનું ચેકથી ચુકવણું કરવાની પદ્ધતિ બંધ કરીને RTGS/NEFT દ્વારા જ ચુકવણું કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

ઉપરોક્ત સૂચનાનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા વિભાગના તમામ પ્રભાગોના સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રીઓને તથા ખાતાના વડાશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ,
સા.ન્યા.અને અધિ.વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે
- સંયુક્ત સચિવશ્રી, (મહેકમ), સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, (અ.જા.ક.), સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાયબ સચિવશ્રી, (સ.સુ), સા.ન્યાં.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, (વિ.જા.ક.), સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ./મહેકમ), સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, સર્વે નિગમ
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારૂ)